# <u>પતંગ હરિફાઈ સ્પર્ધા</u>

**તા. ૧૩/૧/૨૦૨૩(શુક્રવાર)**

કિસાન માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં તા.૧૩/1/૨૦૨૩ ને શુક્રવાર નાં રોજ ઓકેસી સંકુલમાં પતંગ હરિફાઈનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ તહેવાર 14 જાન્યુઆરી નાં રોજ ઉજવવામાં આવે છે. સૂર્ય આ દિવસે મકરરાશિમાં પ્રવેશ કરે છે. તેથી મકરસક્રાંતિ પણ કહેવાય છે. ઉતરાયણ એ પતંગોનો તહેવાર છે. મકરસક્રાંતિ એ આનંદ ઉત્સાહ અને પતંગ ઉડાવવાનું પર્વ છે.આ એક ધાર્મિક તહેવાર છે. તલના લાડુમાં સિક્કા મુકી તેનું ગરીબોને દાન થાય છે.ગાયને બાજરીની ઘુઘરી અને ઘાસ ખવડવાય છે.તેઓ પતંગ ચગાવવાની સાથે તલના લાડુ,ચીકી,શેરડી,બોર વગેરે ખાવાનો આનંદ માણે છે. સરકાર પણ પતંગોત્સવ યોજે છે.  જેમાં વિદ્યાર્થીઓ સાથે મળીને મકરસક્રાંતિ ઉજવી અને ભાઈચારા ની ભાવના સાકાર થાય અને તેમનામાં રહેલી આંતરિક શકિતઓ ને બહાર લાવી પોતાની પ્રતિભા બતાવી શકે તે હેતુસર ઓકેસી સંકુલમાં પતંગ હરિફાઈનું આયોજન કરાવામાં આવેલ હતું .તેમાં કિસાન માધ્યમિક વિભાગમાં પ્રથમ ,દ્રિતીય અને તૃતીય એમ ત્રણ નંબરો આપવામાં આવેલ હતા.

**પ્રથમ નંબર – પટેલ ધ્રુવ નવનીતભાઈ(૯-અ)**
**દ્રિતીય નંબર – પટેલ પાર્થ જે.(૯-ક )**
**તૃતીય નંબર – ભોઈ આયુષકુમાર એમ.(૯-ક)**









